# ખુત્બએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) – આમદે શહરે રમઝાન

ખત્મુલ મુરસલીન, શાફેઉલ મુઝનેબીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) એ શહરે શાઅબાનુલ કરીમના આખિરી અય્યામમાં ખુત્બો પઢો અને તેમાં આપે ફરમાવું કે, “એય લોગો, તમારાથી એક એવા મહીના કરીબ થયા છે જે મુબારક છે અને ફઝીલતો ઈઝ્ઝતમાં અઝીમ છે. આ મહીનામાં એક રાત એવી છે કે, જે રાતમાં અમલ કરવું, એક હઝાર મહીનાના અમલ કરવા કરતા ખૈર છે. આ મહીનામાં કોઈ શખ્સ એક ખૈરનો અમલ કરે તો બીજા મહીનામાં એક ફરીઝત અદા કરનારની મુજબ એને સવાબ અતા થાય છે. હવે કોઈ શખ્સ આ મહીનામાં એક ફરીઝત અદા કરે તો બીજા મહીનામાં ૭૦ ફરીઝત અદા કરનારની મુજબ અલ્લાહતઆલા એને સિલો અને અજર ઈનાયત કરે છે. આ મહીના સબરના મહીના છે અને સબરનો સવાબ જન્નત છે. આ તે મહીના છે કે, જેમાં મુમિનનું રિઝ્ક ઝિયાદહ થાય છે. કોઈ શખ્સ અગર તેમાં રોઝદારને ઈફ્તાર કરાવે તો એના ગુનાહોં મુઆફ થાય છે. એની ગરદન જહન્નમથી આઝાદ થઈ જાય છે. રોઝદારને અલ્લાહ જેટલો સવાબ અતા કરે છે એટલો જ ઈફ્તારી કરાવનારને પણ અતા કરે છે, અને રોઝદારના સવાબ માંથી કંઈ જ કમ થાતું નથી.”

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે મહીનાની ઝિક્રે ખૈર કરે છે તે રમઝાનુલ મુઅઝ્ઝમ છે. તે અલ્લાહના મહીના છે, રોઝા રાખવાના મહીના છે, દૌલત પાક કરવાના મહીના છે, ઈબાદત કરવાના મહીના છે, મોહરેમાતથી દૂર રહેવાના મહીના છે. ૨૩ મી રાત લયલતુલ કદરની રાત છે જેની ઈબાદત તમામ ઈબાદતોંનો ખુલાસો છે, નિચોડ છે. તે મહીનાના આખિરી દસકામાં છે જેમાં મૌ. અલી સાહબે ઝુલફિકાર (અ.સ.) ની શહાદત વાકેઅ છે અને મુમેનીન જન્નતનો સવાલ કરીને જહન્નમથી બરાત ચાહે છે. સબર કરવું ઈન્સાનનું મોટું જૌહર છે અને તે વાસ્તેની આઝમાઈશ રોઝું રાખા સિવાય બીજું શું હોય શકે! રોઝાનું નામ જ ઝબાનને કૈદ રાખીને અમલે નેક સાથે હલાલ રોઝી કમાવવાની કોશિશ કરવી છે. આ મહીનાની નેકીની કીમત ફરઝની છે અને ફરઝની કીમત ૭૦ ઘણી છે. હજ્જ સિવાય ઈસ્લામના તમામ ફરઝો - વલાયત, તહારત, સલાત, ઝકાત, સૌમ અને જેહાદ - એમ બધા જ મુમેનીન આ મહીનામાં અદા કરે છે. શહરૂલ્લાહથી રોઝા રાખવાની મૌસમ શુરૂ થાય છે. બીજા મહીનાઓને આ શરફ હાસિલ નથી. હર બાલિગ શખ્સ પર હર સાલ શહરૂલ્લાહના ૩૦ રોઝા ફરઝ કરવામાં આવા છે. રોઝું રાખનારને સાથે રોઝું ઈફ્તાર કરાવનારનો દરજો પણ અલ્લાહતઆલાએ બલંદ કીધો છે. કોઈ પણ તરીકો હોય પણ શહરૂલ્લાહમાં રોઝા ઈફ્તાર કરાવવાની ચાહત મુમિનમાં હોવી જોઈએ. ઈફ્તારી કરાવવાથી અલ્લાહતઆલા મુમિનની રોઝીમાં કુશાદગી આપે છે અને ગુનાહોંને બખ્શી દે છે. ઈફ્તારીની નેઅમત ફકત શહરૂલ્લાહ વાસ્તે મખ્સૂસ છે, જે વકત મગરિબના ફરઝ બાદ તમામ એક સાથે એક જ જગા પર રોઝું ખોલે છે અને અલ્લાહની નેઅમતોંનો શુક્ર અદા કરે છે.અલીયુલ અઝીમ.

દાઅવતે હક્કના કિતાબોંમાં મોઅતબર સનદથી રિવાયતમાં બયાન છે કે, મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ ફરમાવું કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) શાઅબાનુલ કરીમ મહીનાની આખિરી જુમ્આના દિન શહરૂલ્લાહની ફઝીલતનો ખુત્બો ફરમાવી ચુકા, તો આપ જે વકત ફારિગ થઈને બેસા તો હું તે વકત ઊભો થયો અને આપની હઝરતે નબવીયહમાં અરઝ કીધી કે, યા રસૂલલ્લાહ! આ મહીનાના આઅમાલ માંથી બહેતરીન કયો છે? આપે ફરમાવું કે, અલ્લાહતઆલાએ જે જે ચીઝો હરામ કીધી છે તેથી પરહૈઝ કરવો, અને તે બાદ આપની આઁખોં માંથી આંસૂના કતરાઓ ટપકવા લાગા. મેં આપને પૂછું કે, યા નબીયલ્લાહ! આ વકત આપનો રોવાનો સબબ શું છે? આપે જવાબ આપો કે, એય અલી! મેં એ ચીઝને યાદ કરીને રોવું છું જે તમારા ઉપર આ મહીનામાં વાકેઅ થાશે. જાણે કે, હું જોઉં છું કે તમેં નમાઝમાં મશ્ગૂલ છે અને એકાએક એક બદબખ્ત-બદઈકબાલ અવ્વલીન-આખેરીનનો બદતરીન લઈન અને સાલેહ નબીની ઊંટણીને ઝબેહ કરનારથી પણ ઝિયાદહ ભુંડો, તે હાલતમાં આપના સર પર એક વાર કરશે અને આ તમારી દાઢી તમારા સરના ખૂનથી જ રંગાઈ જાશે. મૌ. અલી (અ.સ.) એ હઝરતે નબવીયહમાં અરઝ કીધી કે, આ વાકેઓ મારા દીનની સલામતીની હાલતમાં થાશે? આપે ફરમાવું કે, તમારૂં દીન સહીહો-સાલિમ હશે, કેમકે, તમેં નમાઝમાં મશ્ગૂલ હશો. પછી આપે ફરમાવું કે, જે તમને કત્લ કરશે તેએ મને કત્લ કીધા બરાબર છે, જે તમને દુશ્મન રાખશે તેએ મને દુશ્મન રાખા બરાબર છે, જે તમારા વાસ્તે બદઝબાની કરશે તેએ મારાથી બદકલામી કીધા બરાબર છે, કેમકે, તમારી કદરો મંઝેલત મારી જાન મુજબ છે, તમારી રૂહ મારી રૂહ છે, તમારી માટી મારી માટી છે, તે વાતને સાથે કે અલ્લાહતઆલાએ તમને અને મને આ ખલ્કમાં ઈમામત વાસ્તે પસંદ કીધા છે. તો જે કોઈ કાઈમ-મકામીનો ઈન્કાર કરશે, તે મારી નુબૂવત અને દાઅવતનો મુન્કિર છે.

આપે ફરમાવું કે, એય અલી! તમેં મારા વસી છો અને મારા ફરઝંદોના બાવાજી છો, મારી દુખ્તરના શૌહર છો, મારા ખલીફા છો, મારી ઉમ્મતમાં મારી ઝિંદગીમાં અને મારી મૌત બાદ જે હાલાત બના છે અને બનશે તે તમારા પણ બનશે. હું કસમ ખાઈને કહું છું કે, જેએ મને નબીયુલ હરમૈન, નબીયુસ્સકલૈન બનાવીને મોકલો કે, અલ્લાહની આ મખ્લૂકાતમાં જેમ હું બહેતર છું અને અલ્લાહનો હુજ્જત છું, તે જ મુજબ તમેં અલ્લાહની આ ખિલ્કતના અમીન છો, તમારા સીનામાં ઈલાહી ઈલ્મોના અસ્રાર છે અને તમેં મારા બાદ શરીઅતના માલિક છો અને મુમેનીનના મૌલા પણ છો.

રસૂલુલ્લાહ બાવાજીએ આપના લાડલા મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની કરબલામાં શહાદત થાશે અને બેઆબોદાના આપ અહલો અયાલને ફિદા કરીને પોતાની જાનને રાહેલિલ્લાહ મુકશે તેની પૈશગોઈ કરવા એક કારૂરો-શીશી માંગાવી હતી અને નબી સાહબે કહ્યું હતું કે, એય મારા અહેલ! જે વકત તમેં શીશીની આ માટીને ખૂનઆલૂદ જોવ તો સમઝજો કે મારા હુસૈન આ દુનિયામાં નથી. આ જ મુજબની પૈશગોઈ નબી સાહબ મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) વાસ્તે જંગે ખંદકમાં કરે છે. જે વકત કુલ્લે કુફ્ર જેવો ઉમર બિન અબ્દે વદ લઈન, કુલ્લે ઈમાન જેવા મૌ. અલી (અ.સ.) ના મુકાબલા પર આવે છે અને તે લઈનના વારથી આપના માથા પર ઝખ્મ થાય છે, તો નબી સાહબ પોતાની ઝબાને મુબારકનું બાબરકત લોઆબ-થુંક તે ઝખ્મ પર લગાવે છે અને તેમાં ફૌરન શિફા થઈ જાય છે. નબી સાહબ ફરમાવે છે કે, એય મારા ભાઈ અલી! આજે તો તમને શિફા થઈ ગઈ પણ શહરૂલ્લાહના અય્યામમાં તમને આ જ ઝખ્મ પર એક ખારજી લઈન ઝહેરીલી તલવારનો વાર કરશે અને તે ઝખ્મ એવો ગહેરો હશે કે, તેમાં તમને શિફા થાશે નહીં અને તે જ આલમમાં તમને કઝા આવશે. નબી સાહબની આ પૈશગોઈ હક્ક સાબિત થઈ અને શહરૂલ્લાહિલ હરામની ૨૧ તારીખે, ૪૦ હિ. માં કૂફામાં આપે જામે શહાદત નૌશ ફરમાવું.

વહોવલ અલીયુલ અઝીમ.